સાંચોર નજીક ગમખ્વાર અકસ્માતમાં ૧૯નાં મોત

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ઉત્તર ગુજરાત બનાસકાંઠા જિલ્લાની નજીક આવેલ રાજસ્થાનના સાંચોર નજીકના શિવાણા ગામ નજીક શુક્રવારે મોડી સાંજે એક ખાનગી બસ અને કેમિકલ ભરીને જઈ રહેલા ટ્રેઈલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા જોતજોતામાં બસ અને ટ્રેઈલર ભડભડ સળગી ઉઠતાં મુસાફરોની બૂમરાડ મચી જવા પામી હતી. આગના કારણે ૧૪ જેટલા મુસાફરો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતા. જ્યારે અન્ય દાઝેલા મુસાફરો પૈકી ૧૫ થી વધુને ડીસા ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. શુક્રવારે સાંજના સુમારે એક ખાનગી લકઝરી બસ ડીસાથી મુસાફરો ભરીને બાડમેર તરફ જઈ રહી હતી. તે દરમ્યાન મોડી સાંજે રાજસ્થાનના સાંચોર નજીકના નેશનલ હાઈવે નં. ૧૫ ઉપરના શિવાણા ગામ નજીક પહોંચતા કેમિકલ ભરીને પૂરપાટ ઝડપે આવી રહેલ ટ્રેઈલરના ચાલકે બસને ટક્કર મારી હતી. જેથી કેમિકલના કારણે આગ લાગી જતા બન્ને વાહનો આગમાં ફેરવાઈ જવા પામ્યા હતા. અકસ્માત થતાં મુસાફરની ચીચીયારીઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠતાં લોકો દોડી આવ્યા હતાં. કેમિકલના લીધે આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ૧૪ જેટલાં મુસાફરો ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતાં. જ્યારે અન્ય દાઝેલા મુસાફરોને સાંચોર, ઝાલોર, થરાદ અને બાદમાં ૧૫ થી વધુ મુસાફરોને ડીસાની ભણશાળી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જે પૈકી વધુ પાંચ મુસાફરો મૃત્યુ પામતા અકસ્માતમાં મૃત્યુઆંક ૧૯ ઉપર પહોંચ્યો હતો.

મહેસાણા જિલ્લામાં ગ્રામીણ કક્ષાના શાળા પ્રવેશોત્સવનું ઉત્સાહભેર સમાપન

મહેસાણા, તા.૧૬

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાની ડાભી, સૂજેરીપુરા, સુરજપુર, કામલી-ધર્મપુરા અને ગંગાપુરા પ્રાથમિક શાળાના બાળકોને સંસદશ્રી જયશ્રીબેન પટેલે નામાંકન કરાવ્યું હતું. તેમની સાથે મહિલા આયોગના સભ્યશ્રી અંજનાબેન પટેલ, ઊંઝા તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તાલુકા અને જિલ્લા પંચાયતના ડેલીગેટશ્રી, મામલતદારશ્રી તેમજ ગામના સ્રપંચશ્રી, અગ્રણીઓ શાળાના બાળકો, વાલીઓ, શિક્ષકો હાજર રહ્યા હતા. આ ઉપરાંત ઊંઝા તાલુકાના મકતુપુર અને ટુંડાવ ગામની મુલાકાત મહેસાણા જિલ્લા નાયબ વનસંરક્ષકશ્રી સામાજિક વનીકરણ વિભાગના જીલુસિંહ જે. ચાવડાએ મુલાકાત લીધી હતી. તેમની સાથે જિલ્લા પંચાયતના સદસ્યશ્રી હરીભાઈ પટેલ જોડાયા હતા.

આ પ્રસંગે સંસદના જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવના ત્રણ દિવસ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણનો યજ્ઞ શરૂ કર્યો છે. જેમાં ૧૦૫ આઈ. એ. એસ., આઈ.પી.એસ. અને આઈ.એફ.એસ. અધિકારીશ્રીઓ અને ૯૨ જેટલા મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ સહિત રાજયમાં મોટી સંખ્યામાં વર્ગ ૧ અને વર્ગ ૨ ના અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

સિતોલ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા.૧૬

ખેડબ્રહ્મા તાલુકાની સિતોલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સી.ડી.પી.ઓ. લતાબેન રાવલ દેરોલ સીઆરસી વિજયભાઈની અધ્યક્ષતામાં ૨૪ બાળકોનેપ્રવેશ આપવામાં આવ્યો હતો તે પૈકી ૧૪ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતાં. શાળાના મુખ્ય શિક્ષક બાબુલાલ પી. સુથારે કાર્યક્રમમાં ઉપસ્થિત વાલીઓને ધો-૧થી શરૂ કરીને કોઈ પણ કન્યા ધો-૭ પાસ કરે અને અધવચ્ચે અભ્યાસ ન છોડે તેની કાળજી રાખવા જણાવ્યું હતું. શાળાના સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ધોરણ-૧ના બાળકોને દફતર, બિસ્કીટ તથા અન્ય બધા વિદ્યાર્થીઓને પેન્સિલ, રબ્બર, ચોપડા, દફતર, નાહવાના સાબુ, દેશી હિસાબ વગેરે વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમય સાથે દરેક વ્યકિત સમજદારી કેળવે તો પરિવાર સ્વર્ગ બની જાય : સંત તરૂણ સાગરજી

હિંમતનગર, તા.૧૬

હિંમતનગરના શહેરના મહાવીર નગર વિસ્તારમાં આવેલ સાબર સોસાયટીમાં ચાલી રહેલા સંત તરૂણ સાગર મહારાજના સત્સંગ સમારોહ 'કડવે-પ્રવચન' અંતર્ગત તરૂણ સાગરજીએ જીવનમાં સમય સાથે દરેક વ્યકિત સમજદારી કેળવે તો પરિવાર સ્વર્ગ બની જાય છે તેમ જણાવ્યું હતું અને સમાજ પરિવર્તન અંગે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતાં.

કાંતિકારી રાષ્ટ્ર સંત તરૂણ સાગર મહારાજે વધુમાં જણાવેલ કે જયારે બે વ્યકિતઓમાં બોલાચાલી થતી હોય ત્યારે એક વ્યકિતએ શાંત રહેવું જોઈએ જેથી બોલનાર વ્યકિત થાકી જાય તે સમય વહી જાય ત્યારે આપોઆપ બોલવાનું બંધ કરી દે છે અને ત્યારે તમે માત્ર એક પ્રેમનો શબ્દ બોલો ત્યારે હસી જાય છે તેવું વાતાવરણ ઉપસ્થિત થાય અને ફરી હળી મળીને રહો ત્યારે સ્વર્ગ જેવું બની જાય છે. જો સમાજમાં વડીલો અને પરિવારમાં પતિ-પત્ની સમજદારી કેળવે તો ઝગડા આપોઆપ બંધ થઈ જાય છે અને પરિવારનું જીવન પણ સારું રહે છે અને હું કોઈ જાતી કે ધર્મમાં માનતો નથી હું બધાને એક જ પરિવારના સભ્યો ગણું છું અને હું પરિવારના તમામ સભ્યોના ચહેરા પર સ્મિત જોવા માગું છું. પરિવારના વડીલોએ જ આવતી કાલની પેઢીને તારવી હશે તો શું સંસ્કારનું સિંચન કરવું તે વિચારવું પડશે નહીંતર ભાવિ પેઢી કેવી હશે તે વિચારવું પડશે. ક્રોધ એ ધર્મનિરપેક્ષ છે તે કોઈને પણ આવે છે જો ક્રોધ આવે તો આપણા પર કાબુ રાખો તો આપો આપ તે સમય વહી જશે અને પરિણામ સારું જ આવશે. વધુમાં કહેલ કે મને સાંભળવા આવ્યા એટલે સુધરી ગયા એવું નથી પણ મેં કહેલ કડવા પ્રવચનનો એક અંશ પણ જીવનમાં ઉતારશો અને અમલ કરશો તો તમારો જગ સુધરી જશે અને જીવનમાં દિનચર્યામાં ફરેફરા કરી સમયના પાક્કા રહો જેથી જીવનશૈલીમાં પરિવર્તન આવશે. આ સત્સંગ સમારોહમાં એન. આર. આઈ. સી.કે. પટેલ, હિંમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેન સંજય પટેલ, પૂર્વ ધારાસભ્ય રણજીતસિંહ ચાવડા સહિત દિગંબર જૈન સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાંતિકારી રાષ્ટ્ર સંત મુની ૧૦૮ તરૂણ સાગરજી મહારાજ શનિવારના રોજ સાંજે હિંમતનગરથી અમદાવાદ જવા માટે વિહાર કરશે અને ૨૪મી જૂનના રોજ સવારે સાબરમતી અમદાવાદ ખાતે મંગલ પ્રવેશ કરશે.

ખેડબ્રહ્મામાં રથયાત્રા પૂર્વે ભગવાન મોસાળમાં પધાર્યા

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ તથા રાધાકૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજી શુક્રવારના રોજ વાજતે-ગાજતે મોસાળમાં પધાર્યા હતા. ભગવાનના મોસાળ હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસ સ્થાને ચાર દિવસ રોકાશે જયાં ભગવાનની રોજ પૂજા અર્ચના કરવામાં આવશે.

અંજારમાં રેકર્ડ મેનેજમેન્ટની તાલીમ

અધિક્ષક જિલ્લા દફતર કચેરી ગુજરાત રાજય અભિલેખાગાર જૂનાગઢ દ્વારા તા.૧૪ જૂનના રોજ તાલુકા પંચાયત અંજારમાં રેકર્ડ મેનેજમેન્ટની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપ કર્મચારીઓએ તાલીમ મેળવેલ હતી. સ્વાગત પ્રવચન બી.એ. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. જૂનાગઢના અધિક્ષક જિતેન્દ્રભાઈ શાહે રેકર્ડની અગત્યતા, રેકર્ડનું વર્ગીકરણ સુરક્ષાના ઉપાયો વિશે માહિતી આપી હતી. જૂના દેશી રાજયોના ઐતિહાસિક દસ્તાવેજો તથા રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ વિશે માહિતગાર કરેલ હતા.

ખેડબ્રહ્મામાં પાઈપલાઈન કામમાં વેઠ

ધારાધોરણ મુજબનું કામ ન થતાં સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં રજૂઆત

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા શહેર માટે ધરોઈ જળાશય આધારીત બીજા તબક્કાની પીવાના પાણીની યોજનાની પાઈપલાઈન નાખવાનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે પણ કોન્ટ્રાક્ટર દ્વારા પાઈપલાઈનની કામગીરી પ્લાન મુજબ ઊંડાઈ કરવામાં આવતી ન હોવાની શહેરમાં વારંવાર બુમ ઉઠવા પામી છે. તાજેતરમાં આવકાર સોસાયટીમાં નાંખવામાં આવેલી પાઈપલાઈનના કામમાં વેઠ ઉતારવામાં આવતાં શહેરમાં હોબાળો થવા પામ્યો હતો. ચીફ ઓફીસર દ્વારા વારંવાર કોન્ટ્રાક્ટરને સુચના આપવા છતાં કોન્ટ્રાક્ટર પોતાની મનમાની ચલાવતા હોવાથી શહેરના એક સામાજીક કાર્યકરે મુખ્યમંત્રીના ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં આ અંગે તપાસ કરવા રજુઆત કરી છે અને તેની જાણે સક્ષમ અધિકારીઓને પણ કરી છે.

ખેડબ્રહ્માના સામાજીક કાર્યકર રામજીભાઈ હરીભાઈ મહારાજે મુખ્યમંત્રીના ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં કરેલ અરજીમાં જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા શહેરની બીજા તબક્કાની પીવાના પાણીની યોજનાનું કામ ધી ગુજરાત શહેરી વિકાસ કંપની લી. ગાંધીનગર કન્ટ્રકશન કંપનીને રૂ. ૧૩.૮૮ કરોડમાં આપવામાં આવ્યું છે. આ વિસ્તારમાં નાંખવામાં આવતી પાઈપલાઈનનું કામ ધોરણસરનું થતુ નથી તાજેતરમાં ઈન્દિરાનગર-આવકાર સોસાયટીમાં પાઈપલાઈન યોગ્ય ઊંડાઈએ નાખવામાં આવી નથી અને ટેન્ડરમાં જણાવેલ ગેજવાળી પણ નથી. આ પાઈપલાઈન ૩ ફૂટ ઉંડી નાખવી જોઈએ તેના બદલે ૬ થી ૯ ઈંચની ઉંડાઈએ જ નાખવામાં આવી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાઈપલાઈનના કામમાં આવી જ વેઠ વાળવામાં આવી છે. પાઈપલાઈનનું કામ ધોરણસરનું થતું નથી તે અંગે પાલિકાના પ્રમુખે ત્વરીત ૧૮-૫-૧૧ તથા ૨૧-૧૨-૧૧ના રોજ જીયુડીસી ગાંધીનગરને લેખિત જાણ કરી હોવા છતાં પ્રમુખની રજુઆતને પણ ગંભીરતાથી લેવામાં આવી નથી. ખેડબ્રહ્મામાં કિન્ના કન્ટ્રકશન કંપની દ્વારા નાખવામાં આવેલી તમામે તમામ પાણીની પાઈપલાઈનની ઉંડાઈ તથા ગેજની તપાસ થાય અને દેખરેખ રાખનાર અધિકારીઓ-કર્મચારીઓ તથા થર્ડ પાર્ટી સુપરવીજન એજન્સી વિરૂદ્ધ જરૂરી પગલાં ભરવાની માગણી કરવામાં આવી છે. આ અંગે કલેક્ટર પ્રાંત અધિકારી - જીયુડીસી ગાંધીનગર તથા ખેડબ્રહ્મા પાલિકાને પણ જાણ કરવામાં આવી છે.

એસ. ટી. કેડીટ સોસાયટી હિંમતનગરના હોદ્દેદારો ચૂંટાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠાના હિંમતનગર ખાતે એસ.ટી. કોર્પોરેશનના હિંમતનગર વિભાગમાં એસ.ટી. ક્રેડીટ સોસાયટીની તાજેતરમાં યોજાયેલ ત્રણ ઉમેદવારોની ચૂંટણીમાં કર્મચારીમંડળનો ઐતિહાસિક ભવ્ય વિજય અને મજદુર સંઘનો સફાયો થયો છે.

એસ.ટી. કોર્પોરેશનના હિંમતનગર વિભાગમાં એસ.ટી. ક્રેડીટ સોસાયટીના મોડાસા, બાયડ અને વિજાપુર ડેપોની ક્રેડીટ સોસાયટીના કારોબારી સભ્યોની ૩ સીટો ખાલી થતા તેની હાલ ચૂંટણી યોજાઈ હતી. જેમાં મોડાસા ડેપોના પરેશ પટેલ, બાયડ ડેપોના ગુલામનબી શેખ અને વિજાપુર ડેપોના રામજી ચૌહાણનો ભવ્ય વિજય થયો હતો. જ્યારે હરિફ મંડળના જૂથના મોતીયા મરી ગયા હતા. એસ.ટી. કર્મચારી મંડળના સભ્યોનો વિજય થતા મંડળના પ્રમુખ નાથાલાલ ડોડીયાએ મંડળના તમામ હોદ્દેદારોને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો.

પાલૈયા ગામે જમીન ચકાસણી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલૈયા ગામે તાજેતરમાં હોટલ શ્રીનાથ ખાતે ફર્ટીલાઈઝર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લી.ના સંયુક્ત ઉપકમે જમીન ચકાસણી દિન ઉજવવામાં આવ્યો હતો.

પાલૈયા ગામના ૨૫ ખેડૂતોના ખેતરમાંથી પંદર દિવસ અગાઉ જમીનના નમૂના લેવામાં આવ્યા હતા. જી.એસ.એફ.સી. જમીન ચકાસણી પ્રયોગશાળા વડોદરામાં પૃથ્થકરણ માટે મોકલાયા હતા. પૃથ્થકરણના આવેલા અહેવાલને આમંત્રિત મહેમાનોની હાજરીમાં આપવામાં આવ્યા હતા. જમીન ચકાસણીનું મહત્વ, શૂક્ષ્મ તત્વોનું મહત્વ, રાસાયણિક ખાતરોનો અસરકારક વપરાશ, જૈવિક ખાતરોનો ઉપયોગ વગેરે વિશે વિસ્તૃત સમજણ તથા માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે રીજનલ એકઝીક્યુટીવ, એફ.એ.એસ. મુંબઈના ડી.ડી. ખોસ, મહેસાણાના એન.કે. કાથડ, ડી.જે. પટેલ, કે.ટી. પટેલ, કે.કે. પટેલ, ભાવેશભાઈ પટેલ, બી.બી. પટેલ, કે.જી. કોરાટ, વી.એન. ગોઠી તથા વી. જે. વાછાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સભાના અંતે જી.એસ.એફ.સી. દહેગામના આર.એન. પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

જૂના ડીસા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ડીસા, તા.૧૬

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત જૂના ડીસા પ્રાથમિક શાળા નં.૪માં ગુજરાત સરકારના ફોરેસ્ટ ઓફિસર એ.કે. વાઘ્ણે ના હસ્તે નાના ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ઉપરાંત આ શાળા પ્રવેશોત્સવમાં વૃક્ષારોપણ, ભૂલકાઓને સ્કૂલબેગ, બાળાઓને સાયકલ તથા અન્ય બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને બાળકોને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં કેળવણી નિરીક્ષક જાગૃતિબેન દેસાઈ, આચાર્યા ડાયીબેન પટેલ, જૂના ડીસાના સરપંચ શાંતિલાલ બ્રહ્મભટ્ટ, દિલિપભાઈ બ્રહ્મભટ્ટ, આચાર્યા હસુબેન ત્રિવેદી, તલાટી અમૃતલાલ પઢીયાર સહિત મોટી સંખ્યામાં નગરજનો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સરદાર સરોવર નર્મદા નિગમ લી.

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

અધીક્ષક ઈજનેરશ્રી, નર્મદા યોજના આલેખન વર્તુળ, બ્લોક નં.-૧૨/૪, નવા સચિવાલય, ગાંધીનગર

ટેલિફોન નં.૨૩૨૫૨૪૩૧ દ્વારા નીચે જણાવેલ ઓફિસ સ્ટેશનરી, કોમ્પ્યુટર સ્ટેશનરી અને પ્રીંટિંગ સ્ટેશનરી તા. ૩૧-૦૩-૨૦૧૩ સુધી પુરી પાડવાના ભાવો રજી. પો.એ.ડી./સ્પીડપોસ્ટ એ.ડી.થી માંગવામાં આવે છે.

અ.નં.	કામનું નામ	૧ અંદાજીત કિંમત ૨ ડીપોઝીટ ૩ ટેન્ડર ફી	૧ કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ / ૨ ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ	નોંધ.
૧	ઓફીસ સ્ટેશનરી અને કોમ્પ્યુટર સ્ટેશનરી	૧ રૂ.૪,૧૩,૦૦૦/- ૨ રૂ.૨૦૮૫૦/- ૩ રૂ.૧૦૦૦/-	(૧)તા. ૨૫-૦૬-૧૨ / (૨)તા. ૦૩-૦૭-૧૨	કચેરીનો સમય પુરો થાય ત્યાં સુધી.
૨	પ્રીંટિંગ સ્ટેશનરી	૧ રૂ.૧,૫૦,૦૦૦/- ૨ રૂ.૭૫૦૦/- ૩ રૂ.૪૦૦/-	(૧)તા. ૨૫-૦૬-૧૨ / (૨)તા. ૦૩-૦૭-૧૨	કચેરીનો સમય પુરો થાય ત્યાં સુધી.

વિગતો માટે આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

અધિક્ષક ઈજનેર
નર્મદા યોજના આલેખન વર્તુળ
ગાંધીનગર

માહિતી/૫૮૮/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોવી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

જાહેર નિવિદા નં.-૧ સને ૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૩, પાટનગર યોજના ભવન, બીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ટેલીફોન નં. ૨૩૨૫૯૨૧૦) તરફથી સેક્ટર-૧૪ દિન દયાલ કેમ્પસમાં આવેલ કેટેગરી "સી" ટાઈપ ક્વાર્ટસ ઉતારી લઈ તેનો કાટમાળ લઈ જમીન સમતલ કરી આપવા માટે આવા પ્રકારની કામગીરી કરતી વેટ નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૨-૬-૨૦૧૨ ૧૬-૦૦ કલાક સુધી તથા પરત લેવાની છેલ્લી તારીખ ૨૯-૬-૨૦૧૨ સુધીની છે.

વિગતવાર નિવિદા કચેરીના નિવિદા બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ અંગેની વધુ વિગત માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવનાર ઈજારદારશ્રીએ રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી છે.

માહિતી/૫૮૬/૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર — કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટ્યૂકડી જાહેર ખબર

ભાડે આપવાનો છે

ફ્લેક ૩ બીએચકે, ૧૮૦ વાર, પહેલો માળ, એ-૧૦૧, શુકન વિલાસ, સરગાસણ ચાર રસ્તા રોડ, ગાંધીનગર

ફોન : ૯૮૨૫૯૦૯૭૫૧
૯૯૦૬૪૩૦૦૬૬

ટ્યુશન

નવા સેક્ટરોમાં તથા હાઈવેની સોસાયટીમાં ધો. ૬ થી ૧૦ના ટ્યુશન તમારા ઘરે.

મો. ૯૪૨૮૩૫૧૫૪૯

ભાડે આપવાનું છે

સ્વતંત્ર ટેનામેન્ટ-૨ બેડરૂમ, ૨-હોલ, કિચન, ૩-બાથ સાથે શ્રી રંગપાર્ક સોસાયટી, વાસણા - હડમતીયા, ખ-૦ પાસે, ફક્ત જેન્યુઈન ફેમીલીને આપવાનું છે.

મો. : ૯૯૭૪૫ ૫૯૯૮૯